## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૨૧, નમન એપાર્ટમેન્ટ ખાતે પરિષદની માસિક બેઠક યોજાશે. બેઠકમાં વ્યાજબી દરે રેલ સેવા અંગે વ્યાખ્યાન માળા યોજાશે.

● રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા સવારે ૬.૩૦થી ૭.૩૦ કલાક દરમિયાન સે-૧૨ રાજપુત સમાજભવન ખાતે યોગાસન શિબિર યોજાશે.

● દિવ્ય જીવન સંઘ તથા ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે સવારે ૭.૦૦ કલાકે સેકટર-૧, ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ ધ્યાન શિબિર યોજાશે.

● સેકટર-૭માં આજે ટાવર કોલોનીના નિર્માણ સંદર્ભે માર્ગ મકાન મંત્રી નીતીન પટેલના હસ્તે ખાત મુહુર્ત વિધિ સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે.

● અભિનય સમ્રાટ પદ્મશ્રી ડૉ. ઉપેન્દ્રભાઈ ત્રિવેદીના સદેહે વિદાયને એક વર્ષ પૂર્ણ થતા લોક સાહિત્ય પરિવાર દ્વારા રાત્રે ૯.૦૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે સંભારણા યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# ચિલોડા-અમદાવાદ માર્ગને ફોર લેન બનાવો

## નિર્દોષ મૃતકોના સ્વજનોની તંત્ર પાસે માંગ

ગાંધીનગર, તા.૩

રાજયના શહેર તથા ગામડાંઓમાં નવીન માર્ગ બનાવવા અને પહોળાં કરી સલામતી આપવા સરકારે પાછી પાની કરી નથી ત્યારે ગાંધીનગરની નજીકથી પસાર થતા ચિલોડા અમદાવાદ વચ્ચેના નેશનલ હાઈવે નં. ૮ને પહોળો કરવા અનેક લેખિત રજુઆતો દેખાવો થયા છતાં તંત્ર બેફિકર રહ્યું છે. છાશવારે સર્જાતા અકસ્માતોમાં અનેક નિર્દોષ વ્યકિતઓએ જીવ ગુમાવ્યા છે. અને આ નિર્દોષ મૃતકોના સ્વજનો પણ માર્ગની સ્થિતિ જોઈ તંત્ર પાસે ફોરલેન માર્ગ બનાવવા પ્રચંડ માંગ કરી છે. દૈનિક અસંખ્ય વાહનોની અવરજવર વાળો આ માર્ગ દિન પ્રતિદિન ગોઝારો બનતો જાય છે ત્યારે વિકાસને વેગ મળે તે હેતુથી આ માર્ગને ફોરલેન બનાવી પ્રજાને અર્પણ થાય તે ઈચ્છનીય બન્યું છે.

નેશનલ હાઈવે નં. ૮ ગણાતો પરંતુ અતિ પછાત રહી ગયેલો ચિલોડા-અમદાવાદ વચ્ચેનો નાનો ટુકડો હવે વિકાસ ઝંખે છે. દૈનિક અસંખ્ય વાહનોની અવરજવરથી ભરપૂર રહેતા આ માર્ગ ઉપર ઓવરટેઈક એ સપનું બની રહ્યું છે અને આ પ્રકારના વ્યસ્ત માર્ગ ઉપર અનેક લોકોએ અકસ્માતમાં જીવ ગુમાવી દીધા છે. જેથી આ માર્ગ ઉપર આવતા ગામના સરપંચોએ લેખિત

**સરપંચોની રજુઆત અને દેખાવો તંત્ર ઘોળીને પી ગયું, નિર્દોષોના જીવ બચાવવા સરકાર તરફે મીટ**

અને મૌખિક રજુઆત કરી આ માર્ગને ફોરલેન બનાવવા માંગ કરી છે. આ માર્ગ એટલી હદે ખરાબ થઈ ગયો છે કે તેની સાઈડો પણ માર્ગથી એક ફુટ નીચે ઉતરી ગઈ છે. આ માર્ગ ઉપર લકઝરી, એસ.ટી., માલવાહક પર પ્રાંતિય ટ્રકો, ખાનગી વાહનો સહિત નાના વાહનોનો સદાય જમાવડો બની રહે છે.

અમદાવાદથી હિંમતનગર, ઉદયપુર, અંબાજી, અજમેર, દિલ્હી જેવા અનેક સ્થળોએ જવા આવવા આ માર્ગનો મહત્તમ ઉપયોગ થાય છે. એમ્બ્યુલન્સ જેવી ઈમરજન્સી સેવા આ માર્ગે ઝડપથી નીકળી શકતી નથી અને કોઈ વાહનને કદાચ ઈમરજન્સી હોય તો અકસ્માતનો ભોગ બને છે. અને આવા કારણો થકી થયેલા અકસ્માતમાં મૃત્યુ પામેલા નિર્દોષ વ્યકિતઓના સ્વજનોના પણ દિલ ફફડી ઉઠયા છે અને તંત્ર પાસે ફોર લેન માર્ગ બનાવવા માંગ કરી નિર્દોષોના જીવ બચાવવા વિનંતી કરી રહ્યા છે. દેશના ફાઈનાન્સ મેમ્બર સતીષચંદ્ર એ ડિસેમ્બર ૧૪માં હાઈવે ઓથોરીટીના પ્રોજેકટ ડાયરેકટરને પત્ર લખી તાત્કાલીક ધોરણે અમદાવાદ ચિલોડા વચ્ચેના આ માર્ગને ફોર લેન બનાવવા ભલામણ કરેલી હતી. છતાં પણ બેફિકર આ તંત્ર નિર્દોષોના જીવ, અકસ્માતોની વણઝાર, સરપંચોની રજુઆત અને ફાઈનાન્સ મેમ્બરની ભલામણને પણ અવગણી નાખી છે. રાજય સરકાર આ બાબતે સક્રિય બની રાજયના આ મહત્વના માર્ગ અંગે સત્વરે સક્રિય બને તેવી માંગ ઉઠી છે.

## વાતવાતમાં

● કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રિ મહોત્સવ હેમખેમ સંપન્ન થતા માતાજીનો ‘આભાર’ માનવા સંસ્થાના ૪૦થી વધુ અગ્રણીઓ અંબાજી ખાતે દર્શનાર્થે ગયા હતા. આ વર્ષે નવરાત્રિ મહોત્સવ દરમિયાન અંબાજીથી લાવેલ ‘જયોતિ’ સ્વરૂપે માતાજી બિરાજમાન રહ્યા હતા.

● ઘ રોડના નવીનીકરણનું કાર્ય ચાલુ છે. આ દરમિયાન ઘ દોઢ પાસે આવેલ હોસ્પિટલના મુલાકાતીઓ દ્વારા રોડ પર જ વાહનો પાર્ક કરાતા હોવાથી ટ્રાફિકમાં ઘણી અડચણ ઉભી થઈ રહી છે.

● સે-૨૧ના પોલીસ સ્ટેશને છેતરપીંડીની ફરિયાદ નોંધાવવા આશરે દોઢ માસથી ધક્કા ખાઈ રહેલા ફરિયાદીની ફરિયાદ હવે સોમવારે નોંધાશે. દેશના ગૃહમંત્રીના આદેશના પગલે હવે પોલીસ અધિકારીઓને ફરિયાદો નોંધવામાં ‘કરકસર’ નહી રાખવાની સૂચના અપાઈ ચુકી છે.

● સે-૨૮ ના ગાર્ડન જીકથી એક સહેલાણીનું બાઈક ચોરાઈ જવા પામ્યું છે. પોતાના સ્નેહીજન સાથે ફરતા ફરતા હવે પાર્ક કરાયેલું વાહન ચોરાઈ ના જાય તેની ચિંતા પણ સહેલાણીઓએ કરતા રહેવું પડશે.

● ગાંધીનગર સમાચારના કટાર લેખક સંજય થોરાતે આજે અમદાવાદમાં યોજાયેલી હાફ મેરેથોન બે કલાક ૪૨ મિનિટમાં પૂર્ણ કરી હતી આ એમની સળંગ નવમી હાફ મેરેથોન હતી. આજ મહિનામાં ગાંધીનગર રનર્સ ગ્રુપ હાફ મેરેથોન યોજવાના છે જેમાં તેઓ મિડિયા પબ્લીસીટીનું મહત્વનું કામ કરવાના છે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમના સક્રિય કાર્યકર અને ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજના પ્રાધ્યાપક ડૉ. પ્રણવ જોષીપુરાએ પણ આજે હાફ મેરેથોન સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. હવે તેઓ ગાંધીનગરની મેરેથોનમાં દોડવા પણ આતુર છે.

● ધોળાકુવા ગામે આજે મનપા દ્વારા રોડ અને ધોબીઘાટનું લોકાર્પણ કરાયું હતું. આ કાર્યક્રમમાં ગામના પ્રતિભાશાળી યુવાનોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# સફલ હાફ મેરેથોનમાં શહેરના ૧૦ રનર્સને મેડલ

ગાંધીનગર, તા.૩

અમદાવાદ ખાતે યોજાયેલી બી-સફલ હાફ મેરેથોનમાં આજે ગાંધીનગર રનર્સ ગૃપના દસ સભ્યો ૨૧.૦૯૭ કિમીની સફળ દોડ લગાવી ફિનીશરનો મેડલ જીતી આવ્યા છે.

સતત બીજા વર્ષે યોજાયેલી બી-સફલ હાફ મેરેથોનમાં આજે લગભગ દસ હજારથી વધુ દોડવીરોએ અલગ અલગ વિભાગમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં હાફ મેરેથોન ૨૧ કિમી, ૧૦ કિમી અને ૫ કિમી એવા વિભાગ હતાં. સૌથી વધુ સંખ્યામાં પાંચ કિમી દોડમાં રહી હતી.

ગાંધીનગર રનર્સ ગ્રુપના દસ સભ્યોએ આ સ્પર્ધામાં ભાગ લઈ ફિનીશરનો મેડલ મેળવ્યો હતો જેઓ બધા નોન પ્રોફેશનલ દોડવીરો છે. આજે ભાગ લેનારામાં બ્રજેશ કુમાર, વિરલ પટેલ, આય.કે. વાઘેલા, સંજય થોરાત, સુકેતુ દવે, ડૉ. પ્રણવ જોષીપુરા, પ્રવીણ નાયર, મયુર થાનકી, બીજુ પિલ્લાઈ, ફાલ્ગુની ડોડીયા, ડૉ. ભાવના અને ડૉ. દિલીપ જાદવનો સમાવેશ થતો હતો આ સિવાય પણ ગાંધીનગરના ઘણા રનર્સ આમાં હાજર રહ્યા હતાં.મેરેથોનની આ સ્પર્ધાની ૧૦ કિમીની રેસમાં ગાંધીનગર સ્પોર્ટસ હોસ્ટેલ સાઈમાં ભણતા નિરજ પટેલે પ્રથમ નંબર મેળવ્યો હતો. હાઉસ વાઈફ અને એક સંતાનની



માતા ફાલ્ગુની ડોડીયાએ માત્ર અઢી કલાકમાં ૨૧ કિમી રોડ પુરી કરી વટ રાખ્યો હતો.

વિશ્વ નામના ધરાવતી આ મેરેથોન રન આજ મહિનાની ૩૧મી તારીખે આપણા ગાંધીનગર શહેરમાં ગાંધીનગર રનર્સ ગ્રુપ દ્વારા યોજાઈ રહી છે. ગાંધીનગરની પ્રથમ હાફ મેરેથોનમાં વિશાળ સંખ્યામાં દોડવીરો જોડાય એવી અપેક્ષા ગાંધીનગર રનર્સ ગ્રુપ રાખી રહ્યું છે. આગામી દિવસોમાં શહેરમાં બે દોડના આયોજનો થઈ રહ્યા છે. ૨૪મીએ ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ દ્વારા રન ફોર યુથ અને ૩૧મીએ હાફ મેરેથોનનું આયોજન થનાર છે.

## પ્રાંતિયામાં ખુલ્લેઆમ જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

**હાઈસ્કુલ પાસે મેદાનમાં બાજી માંડીને બેઠા હતા : બે ભાઈઓ વોન્ટેડ**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક પ્રાંતિયા ગામની હાઈસ્કુલ પાસે ખુલ્લા મેદાનમાં આજે બપોરે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમને મળતા દરોડો પાડી ચાર શકુનીઓને રંગે હાથ પકડી પાડયા હતા. રૂ. ૪૯૯૦નો રોકડ મુદ્દામાલ જપ્ત કરીને પ્રાંતિયાના ચાર શખ્સો હર્ષદ પરમાર, રાકેશ કાળા ઠાકોર, મનુઆત્મારામ પરમાર અને જગદીશ અમાજી ઠાકોરની ધરપકડ કરી લીધી છે જયારે જગદીશ કેશા ઠાકોર અને રઈજી ઉર્ફે રૂમો કેશા ઠાકોર બંને ફરાર થઈ ગયા છે. ડભોડા પોલીસે ગુનો નોંધી ફરાર શખ્સોને શોધવા તજવીજ શરુ કરી છે.

## ધોળેશ્વર મહાદેવની પાછળ નદીમાં ન્હાવા પડેલો કિશોર ડુબ્યો

**ચાંદખેડાથી ધો-૧૨ના ત્રણ મિત્રો નદીમાં ન્હાવા પડયા હતા : ૧૭ વર્ષીય કિશોરનું ડુબી જવાથી મૃત્યુ**

ગાંધીનગર, તા.૩

અમદાવાદના ચાંદખેડા વિસ્તારના ત્રણ વિદ્યાર્થી મિત્રો ગઈ કાલે ગાંધીનગર નજીક સાબરમતી નદીમાં ન્હાવા આવ્યા હતા. જે પૈકી એક ૧૭ વર્ષીય કિશોર નદીના પાણીમાં ડુબી જતાં તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ધોળેશ્વર મહાદેવ મંદિરની પાછળના ભાગે નદી કાંઠેથી આજે સવારે કિશોરનો મૃતદેહ મળી આવ્યો હતો. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ચાંદખેડા ખાતે રહેતા ૧૭ વર્ષીય કૈરવ દાદુભાઈ અસારી ગઈ કાલે સવારે ઘરેથી ટયુશન જવા નીકળ્યો હતો અને ત્યારબાદ ધો-૧૨ના ત્રણ મિત્રો સાથે ગાંધીનગર નજીકથી પસાર થતી સાબરમતી નદીમાં ન્હાવા આવ્યા હતા તે દરમિયાન કૈરવનો પગ લપસતા નદીમાં ડુબી ગયો હતો. આજે સવારે ધોળેશ્વર મહાદેવ પાછળ સાબરમતી નદી કાંઠેથી ૧૭ વર્ષીય કૈરવનો મૃતદેહ મળી આવ્યો હતો. ઈન્ફોસીટી પોલીસને ઘટનાની જાણ થતા જમાદાર બળદેવજી બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

## આરાધના વિદ્યાવિહાર દ્વારા વાર્ષિક રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૩

શ્રી પી ટી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત આરાધના વિદ્યાવિહાર, સૅકટર-૨૮ ખાતે વાર્ષિક રમતોત્સવનું આયોજન ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવ્યું હતું.

શાળાના ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ સ્લો સાયકલીંગ, લોટમાંથી પૈસા શોધ, ફુગ્ગા ફોડ, લીંબુ ચમચી, દોરડા કૂદ, સંગીત ખુરશી, કોથળા દોડ, આંધળાનો ગોળીબાર, રસ્સા ખેંચ, ત્રિપગી દોડ વગેરે રમતોમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શાળા તરફથી ઈનામોએનાયત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મૅનેજિંગ ટ્રસ્ટી, આચાર્ય ઍસ ઍચ પટેલ તથા તમામ શિક્ષકોએ સહયોગ આપ્યો હતો.

## રસ્તા પર જતી આવતી યુવતીઓની મશ્કરીઓ કરતા ત્રણ રોમીયો ઝડપાયા

### પેથાપુર-મહુડી રોડ પર રીક્ષા સ્ટેન્ડ પાસે બેસીને યુવતીઓની છેડતી કરતા હતા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક પેથાપુર-મહુડી રોડ પર રીક્ષા સ્ટેન્ડ પાસેથી અવર જવર કરતી યુવતીઓની મશ્કરીઓ કરીને છેડતી કરતાં ત્રણ અમદાવાદી શખ્સોને પેથાપુર પોલીસે દબોચી લીધા હતા. યુવતીઓ સાથે છેડતી કરતા શખ્સોની ફરીયાદ મળતા પેથાપુર પોલીસે વોચ રાખીને ત્રણેયને પકડી તેમની સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર-મહુડી રોડ પર રીક્ષા સ્ટેન્ડ પાસે અમદાવાદના રાયપુર વિસ્તારના ત્રણ શખ્સો બેઠા હતાં. મંગળ પ્રહલાદ મરાઠી, દિપક ભીખા મરાઠી અને રમેશ બાવિશ્કર મરાઠી ત્રણેય શખ્સો વિજાપુર ગયા હતા અને પરત રાયપુર જઈ રહ્યા હતા તે દરમિયાન આ રીક્ષા સ્ટેન્ડ પાસે ઉભા હતા. આ જ સમયે રીક્ષા સ્ટેડ નજીક પોલીસનું વાહનચેકીંગ ચાલી રહ્યું હતું. રસ્તા પરથી અવર જવર કરતી યુવતીઓને જોઈને સીટીઓ મારીને અપશબ્દો બોલી ઠઠ્ઠા મશ્કરી કરીને ત્રણેય શખ્સો રોમીયોગીરી કરી રહ્યા હતા. એક યુવતીએ પોલીસનું ધ્યાન આ શખ્સોની હરકતો પર દોરતા પોલીસ બીજી યુવતીઓ નીકળે તેની વોચ રાખીને બેઠી હતી. તેટલામાં નીકળેલી યુવતીઓને જોઈને ફરી હરકતો શરૂ કરી મશ્કરી કરતા ત્રણેય રોમીયોને પેથાપુર પીએસઆઈ ડીબીવાળાની ટીમે પકડી પાડીને આઈપીસી કલમ ૫૦૯ હેઠળ ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી લીધી છે.

# એ હાથોમાં ઘણા છાલા છે, જે હાથ આ દેશનું ભવિષ્ય ઘડવાના છે




ગાંધીનગર, તા.૩

એક વરરાજા ઘોડે ચઢી પરણવા નીકળ્યા છે, વરઘોડો ધામધૂમથી આગળ વધી રહ્યો છે. સાજન-માજન વરઘોડો માણી રહ્યાં છે. વરરાજાના મિત્રો-સ્નેહીજનો ઢોલના તાલે નૃત્ય કરી રહ્યાં છે. પંદર વર્ષનો ઢોલી જે રીતે તાલબદ્ધ ઢોલ વગાડી રહ્યો છે તેને સૌ કોઈ આફરીન થઈ દાદ આપી રહ્યાં છે. અને દસ વીસ પચાસની નોટો બક્ષીસ આપવા ઉંચી કરે ત્યારે આ ઢોલી ઢોલ વગાડતા વગાડતા બક્ષીસ આપનારનો ખભો દાબી જે અદાથી નોટ ખેંચી લે છે તે જોઈ સૌને ઘણો આનંદ મળી રહ્યો છે. પછી તો વરરાજાના સાફામાં, કોલરમાં, કાને, ગળાના હારમાં એમ વિવિધ જગ્યાએ નોટ ભરાવી ઢોલીને તે લેવા આમંત્રિત કરાય છે.

અંતે, એક જણ વરરાજાની મોજડીમાં રૂપિયા સોની નોટ ભરાવે છે અને ઢોલીને ‘ખાસ’ રીતે નોટ લેવા ઈશારો કરે છે. પેલો બાળઢોલી પહેલા તો ઝંખવાય છે પણ સો રૂપિયાની નોટ જોઈ બધું ભુલી તે તરફ આગળ વધે છે. ઢોલને જમીન પર રાખી તેના પર પોતાનું શરીર રાખી ઢોલ વગાડતા વગાડતા આગળ તરફ ખસે છે. આ સમયે તેના શર્ટના ખુલી ગયેલા બટનોને કારણે તેની છાતી અને પેટનો ભાગ ઢોલની સુતરાઉ દોરીઓ સાથે ઘસાય છે અને પેટના ભાગે છોલાઈ જતા લોહીના ટશિયા ફુટી આવે છે. આમ છતાં આ રીતે આળોટી બાળ ઢોલી વરરાજાના પગરખાંમાંથી મોઢેથી નોટ ખેંચે છે અને મોંઘા વસ્ત્રોથી સજ્જ ‘સજ્જનો’ તેને તાલીઓથી વધાવે છે. ઢોલી બાળક પોતાના શર્ટથી પેટ પરનું લોહી લુછતો સોની નોટના હરખમાં દર્દ ભુલાવી બમણા જોરે ઢોલ વગાડે છે. આ જ વરઘોડામાં બાર તેર વર્ષની બાળાઓ માથા પર સાત કિલો વજન ધરાવતી જુના પેટ્રોમેક્ષ ફાનસ જેવી લાઈટોને ત્રણ ચાર કલાકથી ઊંચકીને ફરી રહી હતી તે પેલા બાળઢોલી તરફ ઈર્ષા ભરી નજર નાંખી મનમાં ઝીણા નિઃસાસા નાંખે છે.



દરરોજ સૌની નગર સામે જ ચાની કિટલીએ ઘણા ‘છોટુ’ ગ્રાહકોના પડયા બોલ ઉઠાવે છે, અને ચા પીતા પીતા ‘સાહેબો’ ચર્ચા કરે છે ‘યાર, આ બાળ મજદૂરી તો રોકવી જ જોઈએ, બિચારા બાળકો રમવા-ભણવાની ઉંમરે કામ કરે તે તો ઘણું ખોટું કહેવાય.’ ચાની કિટલી હોય કે રેસ્ટોરન્ટ, લગ્ન સમારંભ હોય કે સમાજનો સ્નેહમિલન સમારંભ... બધે આપણું જ બાળપણ એટલે કે આ દેશનું, આ સમાજનું જ બાળપણ ‘સેવા’ પીરસી રહ્યું છે અને આ સેવા પણ એવા મૂલ્યે કે જે સાંભળી જો તમારી આંખો નીચી ના થાય તો સમજજો કે સાંભળવામાં કંઈક ભૂલ થઈ છે. ચાર રસ્તે ગાડીના કાચ સાફ કરતા કે જીવના જોખમે ભરચક ટ્રાફિકમાં પાણીના પાઉચ વેચતા, જાહેરાતના ચોપાનિયા નાંખવા શોપીંગ કોમ્પ્લેક્ષે કોમ્પ્લેક્ષે ફરતા બાળકો રોજના માંડ સો-બસો મેળવી લે પણ સામે પોતાનું મહામુલું બાળપણ ગુમાવી રહ્યાં છે તેનો હિસાબ માંડી શકે એટલા નસીબદાર તો હોતા નથી. જો કે વરઘોડમાં આળોટતી બાળઢોલીની મજબૂરી જોઈને તાળીઓ પાડવાની આપણી માનસિકતા જયાં સુધી બદલાશે નહી, ‘એ છોટુ બે કટિંગ ચા લાવજે’ તેવી બુમ પાડતા જો ધ્રુજારી નહીં થાય તો ચોકકસ હજુ આ દશ્યો વર્ષો સુધી જોવા મળતા જ રહેશે. પેલી બાળાઓએ ઉંચકેલી લાઈટોના પ્રકાશમાં તેમનો ‘પરસેવો’ ચમકતો જેમને દેખાતો નથી, કે જમણવારમાં ત્રણ ત્રણ કલાક સુધી ખડે પગે પીરસવા ઉભેલી બાળાઓના હાથમાંથી છટકી જતા ચમચામાં જેમને તેનો થાક વર્તાતો નથી તેવા ‘સજ્જનો’ના હિસાબમાં ખરેખર તો ઘણી ભૂલો રહેવાની જ. શું આપણે કેટરીંગનો લાખોનો ઓર્ડર આપતા કે વરઘોડામાં વ્યવસ્થા ગોઠવતા માત્ર એટલો આગ્રહ ના રાખી શકીએ કે ‘અમારે ત્યાં કોઈ બાળ મજૂર ન આવવો જોઈએ’. એક પહેલ કરવા જેવી ખરી કે નહીં?

(તસવીર સૌજન્ય : દિપક વ્યાસ)

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## રાયસણ સ્થિત ગુડાનાં આવાસમાં સિકયુરીટી ગાર્ડનો ગળે ફાંસો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ ખાતે સ્થિત શિવમ એપાર્ટમેન્ટમાં રહેતા અને રાયસણ પીડીપીયુ પાછળ સ્થિત ગુડાનાં આવાસમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા ૩૬ વર્ષીય યુવાને ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા ચકચાર મચી જવા પામી છે. ગુડાના મકાનની ગેલેરીમાં નાયલોનની દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લઈ મોતને વ્હાલુ કરનાર યુવાને કયા કારણોસર અંતિમ પગલુ ભર્યું તે બાબત હજુ રહસ્યમય છે. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

**મકાનની ગેલેરીમાં નાયલોનની દોરી બાંધીને સે-૧૬ના રહેવાસી ગાર્ડે આપઘાત કરી લીધો**

સેકટર-૧૬ શિવમ એપાર્ટમેન્ટના મકાન નં. એમ/૨૭ ખાતે રહેતા ૩૬ વર્ષીય મુકેશભાઈ આત્મારામ શર્મા રાયસણ પીડીપીયુ પાછળ સ્થિત ગુડાની શુભ લાભ આવાસમાં સિકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. મુકેશ શર્માએ આજે સવારના સવા દશ વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણોસર ગુડાના આવાસના એક મકાનની ગેલેરીમાં જઈને નાયલોન દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. યુવાને કરેલા આપઘાતનું કારણ હજુ જાણવા મળ્યું નથી. ઈન્ફોસીટી પોલીસને ઘટનાની જાણ થતાં પીએસઆઈ એમ.આર. પટેલ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી ઉંડી તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. કાન્તીભાઈ મૂળાભાઈ વાઘેલા, ઉ.વ. ૬૨
- સ્વ. ભવાનભાઈ કાળીદાસ રાઠોડ, ઉ.વ. ૭૦